**ફોજદારી કેસ નંબર 16342/2019**

# // આંક – ૧ લગત હુકમ //

(૧) આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. સદરહું કેસ દાખલ થયા બાદ કોર્ટ દ્વારા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ પરંતુ આરોપીને સમન્સ બજેલો નહી અને આરોપી બીજી કોઈ જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલા છે અને આરોપી ને કોઈ ઓળખી બતાવતા નથી કે જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સમન્સ પર કરવામા આવેલ અને વગર બજે પરત મોકલેલ છે. વધુમા આરોપી સામે જે ગુનાનો આરોપ છે તે સમન્સ ટ્રાયએબલ ગુનો છે. વધુમાં આરોપી સામે વખતો વખત પ્રોસેસ કાઢવામાં આવેલા પરંતુ આરોપીને સમન્સ કોઇ પણ કારણોસર બજવણી થતી નથી અને આરોપીના અધુરા સરનામાને કારણે સમન્સ વગર બજ્યે પરત આવેલ છે જેથી આરોપી સામેની કાર્યવાહી વધુ સમય ચાલુ રાખવી વાજબી જણાતી નથી જેથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૮ વંચાણે લેતા હાલના કેસમાં આરોપીઓને સમન્સ બજતો ન હોય અને આરોપી સામેની કાર્યવાહી સ્થગિત કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## //હુ ક મ//

(૧) આ કામના આરોપીની સામેની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૮ અન્વયે સ્થગિત કરવામા આવે છે અને કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમા જો આરોપી જો નજીકના ભવિષ્યમા મળી આવે તો ફરીયાદપક્ષ કેસ રી–ઓપન કરાવી શકશે.

(૨) આ કામે જો કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય વીતેથી નાશ થવાને પાત્ર મુદ્દામાલનો નાશ કરવો અને કિંમતી મુદ્દામાલ હોય તો તેને સરકાર ખાતે ખાલસા કરવો અને જે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરેલ હોય તેને બીનશરતી રીતે કાયમી કરવામા આવે છે.

આજ રોજ હુકમ તારીખ ૧૨મી, માહે – માર્ચ સને – ૨૦૨૨ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ: ૧૨ . ૦૩ . ૨૦૨૨
સ્થળ: અમદાવાદ(ગ્રામ્ય)

(એ.સી.સખીયા)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર,
U.I.Code No GJ01418